======================================================

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

======================================================

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ**

**આર/ફર્સ્ટ અપીલ નં. ૩૪૬૪/૨૦૧૭**

**વિથ**

**સિવિલ એપ્લિકેશન (સ્ટે માટે) નં. ૧/૨૦૧૭**

**ઈન આર/ફર્સ્ટ અપીલ નં. ૩૪૬૪/૨૦૧૭**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સંગીતા કે. વિશેન**

**અને**
**માનનીય ન્યાયમૂર્તિ શ્રી નિરલ આર. મહેતા**

======================================================

| | | |
|---|---|---|
| **રિપોર્ટિંગ માટે મંજૂર** | **હા** | **ના** |
| | | |

======================================================

**ચીગરાભાઈ રાજીયાભાઈ ચૌધરી અને અન્ય**
**વિરુદ્ધ**
**બાલુભાઈ જગાભાઈ ચૌધરી અને અન્ય**

==================================================

**ઉપસ્થિતિ**:
શ્રી દીપક આર. દવે (૧૨૩૨) અપીલકર્તા(ઓ) નં. ૧, ૨, ૩, ૪ તરફે
મૃતક પક્ષકાર કાયદેસરના વારસદારો/પ્રતિનિધિઓ મારફતે પ્રતિવાદી(ઓ) નં. ૯ તરફે
શ્રી અમિત વી. ઠક્કર (૩૦૭૩) પ્રતિવાદી(ઓ) નં. ૬, ૭, ૮ તરફે
શ્રી નીરવ આર. મિશ્રા (૬૧૪૦) પ્રતિવાદી(ઓ) નં. ૧૦, ૯.૧, ૯.૨, ૯.૩, ૯.૪, ૯.૫ તરફે
પ્રતિવાદી(ઓ) નં. ૧, ૨.૧, ૨.૨, ૨.૩, ૩.૧, ૩.૨.૧, ૩.૨.૨, ૩.૨.૩, ૩.૩.૪, ૩.૩.૫, ૩.૩.૬, ૪.૧, ૪.૨.૨, ૫.૧, ૫.૨ ને નોટિસ બજાવાઈ
પ્રતિવાદી(ઓ) નં. ૪.૨.૧ ને ડી.એસ. દ્વારા નોટિસ બજાવાઈ

==================================================

કોરમ:**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સંગીતા કે. વિશેન**
**અને**
**માનનીય ન્યાયમૂર્તિ શ્રી નિરલ આર. મહેતા**

**તારીખ : ૧૨/૦૩/૨૦૨૫**

**મૌખિક ચુકાદો**
**(માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી સંગીતા કે. વિશેન દ્વારા)**

૧. આ અપીલ દ્વારા, અપીલકર્તાઓએ વિદ્વાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ, બારડોલી દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૨૮.૦૪.૨૦૧૭ ના ચુકાદાને પડકાર્યો છે કે જેના દ્વારા, સ્પેશિયલ સિવિલ સ્યુટ નં. ૮/૨૦૧૭ નામંજૂર કરવામાં આવ્યો છે.

૨. તારીખ ૦૩.૧૧.૨૦૧૭ ના હુકમથી, આખરી નિકાલ માટે નોટિસ કાઢવામાં આવી હતી અને પેપર-બુક ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાથી, અપીલ

આખરી નિકાલ માટે હાથ પર લેવામાં આવે છે. સરળતા ખાતર, પક્ષકારોનો સ્પેશિયલ સિવિલ સ્યુટ નં. ૮/૨૦૧૭ માં તેમની સ્થિતિ મુજબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૩. અપીલકર્તાઓ-અરજદાર-મૂળ વાદીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી દીપક દવેએ રજૂઆત કરી હતી કે કલેક્ટરે તારીખ ૦૪.૦૩.૧૯૭૮ ના રોજ હુકમ પસાર કરીને જમીન વેચવાની મંજૂરી આપી હતી, જે અંગે જરૂરી ફેરફાર નોંધ નં. ૧૪૮૪ મહેસૂલી રેકર્ડમાં નોંધવામાં આવી હતી અને તારીખ ૩૦.૦૫.૧૯૭૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવી હતી. ત્યારબાદ, તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના રોજ, ૧૧ એકર – ૨૮ ગૂંઠા ક્ષેત્રફળ ધરાવતી સર્વે નં. ૯૧ બ્લોક નં. ૧૩૧ વાળી જમીન (જે હવે પછી 'વિવાદિત જમીન' તરીકે ઉલ્લેખિત છે) ના સંબંધમાં વાદીઓના પૂર્વજો અને કેટલાક વાદીઓ દ્વારા પ્રતિવાદી નં. ૬ થી ૮ ની તરફેણમાં એક નોંધાયેલ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવે છે કે વિભાજન પરવાનગીપાત્ર ન હોવાથી, વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો અને આમ, તે જ તારીખે, પક્ષકારો વચ્ચે એટલે કે એક તરફ વાદીઓ અને તેમના પૂર્વજો તથા બીજી તરફ પ્રતિવાદી નં. ૬ વચ્ચે સાટાખત પણ કરવામાં આવ્યું હતું.

૩.૧ એવી રજૂઆત કરવામાં આવે છે કે સાટાખતમાં વેચાણ દસ્તાવેજનો સંદર્ભ આપવામાં આવ્યો છે. તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે પોતે

કોન્ટ્રાક્ટર હોવાથી અને ક્વોરી (ખાણકામ) માટે જમીનની જરૂરિયાત હોવાથી, તેઓ સદર વિવાદિત જમીનમાંથી ૫-૬ એકર જમીન પોતાની પાસે રાખવા માંગતા હતા. તે પણ સંમત થયેલું હતું કે કબજો સોંપવા સાથે કોઈ પણ અવેજ વિના વાદીઓની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે, જે તેમને અસરકારક રીતે સદર વિવાદિત જમીનના માલિક બનાવશે. એવી રજૂઆત કરવામાં આવે છે કે સાટાખત સ્પષ્ટપણે દર્શાવે છે કે જરૂરિયાત મુજબની જમીન પોતાની પાસે રાખવામાં આવશે, અને તેનું બિનખેતીમાં રૂપાંતર કરવામાં આવશે, અને ત્યારપછી, વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે કે જેના માટે, કોઈ સમયમર્યાદા રાખવામાં આવી ન હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે સદર સાટાખત-આંક ૩ દાવાની કાર્યવાહીનો એક ભાગ હતો. એવી રજૂઆત કરવામાં આવે છે કે વાદીઓ સદર વિવાદિત જમીનના સતત અને શાંતિપૂર્ણ કબજામાં હતા. કોઈ સમયમર્યાદા આપવામાં આવી ન હોવાથી, અને વાદીઓ કબજામાં હોવાથી, કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા; જોકે, છેક વર્ષ ૨૦૧૫ માં, પ્રતિવાદી નં. ૬ થી ૮ દ્વારા પ્રતિવાદી નં. ૯ ની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. આ ઇનકારના કારણે ક્ષોભ ઊભો થયો, જેના પગલે વાદીઓએ બહુવિધ અરજો સાથે દાવો દાખલ કર્યો, જે પૈકીની એક અરજ કબજા માટેની હતી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે સાટાખતના સંબંધમાં, વેચાણ દસ્તાવેજ કરી આપવાના સમયે પ્રતિવાદી નં. ૬ દ્વારા કોઈ અવેજ ચૂકવવામાં નહીં આવે તેમ સંમત થયેલું હતું. વાદીઓએ કબજાનો દાવો કર્યો હોવાથી,

દાવામાં ટ્રાયલ ચલાવવી પડે, અને તેથી, સમયમર્યાદાનું પાસું ઉપસ્થિત થશે નહીં. તદુપરાંત, સમયમર્યાદાનો મુદ્દો કાયદા અને હકીકત બંનેનો મિશ્ર પ્રશ્ન સમાવિષ્ટ કરતો હોવાથી, વિદ્વાન જજે કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ (જે હવે પછી 'સદર કોડ' તરીકે ઉલ્લેખિત છે) ના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરવો જોઈતો ન હતો.

૩.૨ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે કબજાના સંબંધમાં, ગામ નમૂના નં. ૭ અને ૧૨, ખેતી માટે ખરીદેલા માલસામાનની પહોંચો અને ઇન્વૉઇસ સહિત અસંખ્ય દસ્તાવેજો રેકર્ડ પર રજૂ કરવામાં આવ્યા હતા. સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલી પહોંચો પણ દર્શાવે છે કે વાદીઓએ ચૂકવણી કરી હતી. જ્યારે રેકર્ડ પર અસંખ્ય દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે, ત્યારે કોઈ પણ દસ્તાવેજ પ્રથમદર્શનીય રીતે સાબિત કરતો નથી કે વાદીઓ સદર વિવાદિત જમીનના કબજામાં છે તેવું અવલોકન કરીને દાવાઅરજી નામંજૂર કરવાના બદલે વિદ્વાન જજે તેની મૂલવણી કરવી જોઈતી હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે તે સુસ્થાપિત સિદ્ધાંત છે કે કબજા અંગેના સામાન્ય કથનો પૂરતા છે અને તેના માટે, રેકર્ડ પર અલગ દસ્તાવેજો રજૂ કરવાની જરૂર નથી. તેથી, વિદ્વાન જજ દ્વારા દાવાઅરજી નામંજૂર કરવી એ વિવેકબુદ્ધિનો ભૂલભરેલો ઉપયોગ છે.

૩.૩ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે સાટાખતની એક શરત મુજબ, વેચાણ દસ્તાવેજ કરી આપવાનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થતો હતો જ્યારે જમીનનું બિનખેતી (જે હવે પછી 'એન.એ.' તરીકે ઉલ્લેખિત છે) માં રૂપાંતર થાય.

હાલના કેસમાં, જમીનના એક ભાગ માટે એન.એ. અરજી દાખલ કરવામાં આવી હતી અને તારીખ ૧૪.૦૯.૧૯૭૮ ના હુકમથી વર્ષ ૧૯૭૮ માં તે મંજૂર કરવામાં આવી હતી, મહેસૂલી રેકર્ડમાં જરૂરી નોંધ પણ કરવામાં આવી હતી; જોકે, તે જમીનના માત્ર અમુક ભાગ પૂરતી જ હતી. જ્યાં સુધી સદર વિવાદિત જમીનનું સંપૂર્ણપણે એન.એ. માં રૂપાંતર ન થાય ત્યાં સુધી વેચાણ દસ્તાવેજ કરી આપવો શક્ય બનશે નહીં તેવી અસમર્થતા દર્શાવીને, પ્રતિવાદી નં. ૬ થી ૮ દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે. આ ખાતરીઓ અને વાદીઓ કબજામાં હતા તે હકીકતને સ્વીકારીને, કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે છેક જ્યારે વર્ષ ૨૦૧૫ માં વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો ત્યારે જ તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના સાટાખતના વિશિષ્ટ પાલનની માંગણી કરતો; અને તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના વેચાણ દસ્તાવેજ તથા વર્ષ ૨૦૧૫ ના નોંધાયેલ વેચાણ દસ્તાવેજને પડકારતો દાવો દાખલ કરવામાં આવ્યો છે. વાદીઓ તેમના કબજાનું રક્ષણ પણ ઈચ્છે છે, કારણ કે તેઓ સદર વિવાદિત જમીનના સતત કબજામાં રહ્યા છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે વિદ્વાન જજે, સુઓ મોટો સત્તાઓનો ઉપયોગ કરતી વખતે, માત્ર વિશિષ્ટ પાલન પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું, અને દાવાઅરજી નામંજૂર કરી. વિદ્વાન જજના ધ્યાને જે બાબતો આવી હતી તે પ્રથમ તો એ હતી કે; કોઈ પણ દસ્તાવેજ પ્રથમદર્શનીય રીતે સાબિત કરતો નથી કે વાદીઓ ક્યારેય સદર વિવાદિત જમીનના કબજામાં હતા. બીજું; વર્ષ ૧૯૭૮ ના સાટાખતના વિશિષ્ટ

પાલન માટે અરજ કરવામાં આવી છે અને આશરે ૩૮ વર્ષના વિલંબ માટે કોઈ વાજબી કારણ રજૂ કરવામાં આવ્યું નથી. ત્રીજું, વાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવો સૂચવે છે કે દાવો સમયમર્યાદાના કાયદાથી બાધિત છે. છેલ્લે, દાવાઅરજીમાં દાવો કરવાનું કોઈ કારણ દર્શાવવામાં આવ્યું નથી. આ પાસાઓને ધ્યાને લેતાં, વિદ્વાન જજનો એવો મત હતો કે દાવાનું સાદું વાંચન સૂચવે છે કે તે ભ્રામક, ખોટું, ક્ષુલ્લક અને ત્રાસદાયક દાવો કરવાનું કારણ છે.

૩.૪ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે વિદ્વાન જજ દ્વારા કરવામાં આવેલા અવલોકનોમાં ક્ષતિ રહેલી છે. તે સુસ્થાપિત સિદ્ધાંત છે કે જો એક પણ અરજ ટકી રહેતી હોય, તો પણ દાવાઅરજી નામંજૂર થવી જોઈતી ન હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે વાદીઓ દ્વારા માંગવામાં આવેલી તમામ અરજો એકબીજાથી સ્વતંત્ર હતી. કબજા અંગેની અરજ મંજૂર કરવા માટે ઉપલબ્ધ હતી જ. પેરા-૧૩ ની અરજ કલમ-૬ એ કોઈને પણ તેમાં દખલ કરવાનો અધિકાર નથી તેવા કારણોસર કબજાના રક્ષણની માંગણી કરતી અરજ હતી. તેથી, માત્ર વિશિષ્ટ પાલન પર જ ધ્યાન કેન્દ્રિત કરીને દાવાઅરજી નામંજૂર કરવી એ ગેરકાયદેસર અને ખામીયુક્ત હતું.

૩.૫ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે રેકર્ડ પર રજૂ કરાયેલા દસ્તાવેજો કબજાની પુષ્ટિ કરે છે. મુખ્ય મુદ્દો એ હતો કે વાદીઓ કબજામાં હતા કે નહીં, જે એક વિવાદિત મુદ્દો હતો. જોકે, વિદ્વાન જજે પુરાવાની ચર્ચા કરી હતી અને તેમનો એવો અભિપ્રાય હતો કે તેમના નામો ધરાવતા બિલો, પહોંચો અને

તેની સાથે મહેસૂલી કરની ચૂકવણી રજૂ કરવી એ કોઈપણ મિલકતના સંબંધમાં કોઈ અધિકાર સ્થાપિત કરવા માટે પૂરતી નથી. પુરાવાની પર્યાપ્તતા વિદ્વાન જજ દ્વારા ઝીણવટપૂર્વક તપાસવામાં આવવી જોઈતી હતી. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે માત્ર આ કારણોસર જ, ચુકાદો કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાને પાત્ર છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યારે વર્ષ ૨૦૧૫ માં વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો, ત્યારે વેચાણ દસ્તાવેજ કરી આપવાનો ઈનકાર માની લેવાયેલ ગણાય. તરત જ વર્ષ ૨૦૧૭ માં, દાવો દાખલ કરવામાં આવ્યો છે. આવી પરિસ્થિતિમાં, સમયમર્યાદા લાગુ પડશે નહીં. જો તે લાગુ પડે તો પણ, તે કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન બનશે.

૩.૬ (૨૦૧૮) ૧૧ એસ.સી.સી. ૭૮૦ માં રિપોર્ટ થયેલા સેજલ ગ્લાસ લિ. વિ. નવિલન મર્ચન્ટ્સ પ્રા. લિ. ના કેસમાંના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે જેમાં, એવું ઠરાવવામાં આવ્યું છે અને અવલોકન કરવામાં આવ્યું છે કે જ્યાં દાવાઅરજી સમગ્રપણે દાવો કરવાનું કારણ દર્શાવતી ન હોય, ત્યાં ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈ લાગુ પડે છે. તદુપરાંત, જ્યાં એવું જણાય કે દાવાઅરજીમાં અમુક ભાગમાં આગળ વધી શકાય તેમ નથી, પરંતુ અન્ય ભાગમાં આગળ વધી શકાય તેમ છે, ત્યાં ઓર્ડર ૭ રૂલ ૧૧ લાગુ પડતો નથી. (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૧૮૩ માં રિપોર્ટ થયેલા સી. નટરાજન વિ. આશિમ બાઈ ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે જેમાં, એવું ઠરાવવામાં આવ્યું છે અને અવલોકન કરવામાં આવ્યું છે કે લિમિટેશન એક્ટની એક કે બીજી

જોગવાઈઓ લાગુ પડવી તે આપમેળે જ, સદર લિમિટેશન એક્ટ સાથે જોડાયેલા પરિશિષ્ટમાં સમાવિષ્ટ એક કે બીજા અનુચ્છેદ હેઠળ દાવો બાધિત છે કે નહીં તે પ્રશ્ન નક્કી કરવાના હેતુ માટે નિર્ણાયક બની શકે નહીં. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે ચુકાદો કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવાને પાત્ર છે.

૪. પ્રતિવાદી નં. ૯ તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી નીરવ મિશ્રાએ પેઢીનામા (પેપર-બુકના પાના નં. ૧૨૭) તરફ ધ્યાન દોરતાં રજૂઆત કરી હતી કે વાદીઓના પૂર્વજો પાસે વિશાળ વારસો હતો અને કેટલાક વારસદારો સાટાખતના પક્ષકારો હતા. જમીન સંયુક્ત માલિકી હેઠળ હતી અને વાદી નં. ૧, ૨ અને ૪ નો જમીન પર કોઈ અનન્ય અધિકાર ન હતો. વધુમાં વધુ, તેઓ માત્ર પોતાના હિસ્સા મુજબ જ દાવો કરી શકે છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ખુદ દાવાઅરજીમાં જ, વાદીઓ જણાવે છે કે તેઓ બે ભાઈઓના વારસદારો છે. જમીન વાદીઓ અને પ્રતિવાદીઓની છે; જોકે, પ્રતિવાદીઓએ કોઈ દાવો દાખલ કર્યો નથી. માત્ર વાદીઓ જ છે, જેમણે નીચેની અદાલતનો આશરો લીધો છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે દાવાઅરજીના પેરાગ્રાફ ૮ માં, વાદીઓએ દાવો કરવાનું કારણ દર્શાવ્યું હતું; જોકે, કથનોનું સાદું વાંચન જ સૂચવે છે કે દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયું ન હતું. સમયમર્યાદામાંથી છટકવાના ઉદ્દેશ્યથી જ દાવો કરવાનું એક અસ્પષ્ટ કારણ દર્શાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૩ ના વેચાણ દસ્તાવેજ કરી આપવો તે માત્ર એક પોકળ બહાનું છે. સ્પષ્ટપણે, વાદી નં. ૧ વર્ષ ૧૯૭૮ માં કરી આપવામાં આવેલા નોંધાયેલ વેચાણ

દસ્તાવેજ અને સાટાખતમાં એક પક્ષકાર હતા જ અને જાણીજોઈને, વાદીઓએ સદર વિવાદિત જમીન પરનો પોતાનો હક જતો કર્યો છે. આથી, વર્ષ ૨૦૧૫ માં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ થયા પછી જ દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયું હોવાનું દર્શાવવું, તે વાદીઓ દ્વારા દાવો કરવાનું ભ્રામક કારણ ઊભું કરવાનો એક નબળો પ્રયાસ માત્ર છે. જો દાવો કરવાનું કોઈ ભ્રામક કારણ હોય તો પણ, દાવાઅરજી નામંજૂર થવી જોઈએ. વિદ્વાન જજે યોગ્ય રીતે સત્તાઓનો ઉપયોગ કર્યો છે અને દાવાઅરજી નામંજૂર કરી છે. કોઈ હસ્તક્ષેપની જરૂર નથી.

૫. પ્રતિવાદી નં. ૬ થી ૮ તરફેના વિદ્વાન વકીલ શ્રી હિરેન પંડ્યા ની સહાયતા મેળવતા વિદ્વાન વકીલ શ્રી અમિત વી. ઠક્કરે રજૂઆત કરી હતી કે વર્ષ ૧૯૭૮ માં કલેક્ટર દ્વારા પરવાનગી આપવામાં આવી હતી, ત્યારબાદ તારીખ ૦૯.૦૩.૧૯૭૮ ના રોજ મહેસૂલી રેકર્ડમાં મ્યુટેશન નોંધ દાખલ કરવામાં આવી હતી, જે તારીખ ૩૦.૦૫.૧૯૭૮ ના રોજ પ્રમાણિત થઈ હતી. ત્યારપછી, તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના રોજ, પ્રતિવાદી નં. ૬ થી ૮ ની તરફેણમાં એક નોંધાયેલ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. નોંધાયેલા વેચાણ દસ્તાવેજની સાથે સાથે, સાટાખત પણ કરવામાં આવ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ તમામ વર્ષો દરમિયાન એટલે કે લગભગ ૪૦ વર્ષ સુધી, કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. વાદીઓ, ૪૦ વર્ષ પછી, હવે સાટાખતના આધારે પોતાના અધિકારોનો દાવો કરી રહ્યા છે. એવું નથી કે નોંધાયેલા વેચાણ દસ્તાવેજ અને સાટાખત કરી આપવા બાબતે વાદીઓ અજાણ હતા. વધુમાં, પ્રથમ પેઢીએ કોઈ

પગલાં લીધા ન હતા અને દાવાઅરજીમાં દર્શાવ્યા મુજબ કેટલાક પૂર્વજો વર્ષ ૧૯૯૦ અને ૨૦૧૪ ની વચ્ચે અવસાન પામ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવે છે કે નોંધાયેલ વેચાણ દસ્તાવેજ અને સાટાખત કરી આપવામાં પક્ષકાર રહેલી સમગ્ર પેઢી અવસાન પામી છે અને તેમણે ક્યારેય કોઈ પગલાં લીધા ન હતા. તેઓએ, ક્યારેય વેચાણ દસ્તાવેજ સામે કોઈ પડકાર ઉઠાવ્યો ન હતો કે સાટાખતના વિશિષ્ટ પાલનની માંગણી કરી ન હતી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે વર્ષ ૨૦૧૫ માં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ કરી આપ્યા બાદ જ નાણાં પડાવી લેવાના ઈરાદાથી, દાવો દાખલ કરવામાં આવ્યો છે. એવી પણ રજૂઆત કરવામાં આવે છે કે દાવો માત્ર કેટલાક સહ-માલિંકો દ્વારા જ દાખલ કરવામા આવ્યો છે; જ્યારે, અન્ય સહ-માલિકોએ કોઈ પગલાં ન લેવાનું પસંદ કર્યું છે.

૫.૧ પુનરોચ્ચાર કરતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે કલેક્ટર પાસેથી પરવાનગી વર્ષ ૧૯૭૮ માં આપવામાં આવી હતી અને વાદીઓ વેચાણ દસ્તાવેજ તથા મ્યુટેશન નોંધથી વાકેફ હતા. હવે, ૪૦ વર્ષ પછી એવો દાવો કરવો કે વેચાણ દસ્તાવેજ કરી આપવો તે ગેરકાયદેસર અને અમાન્ય છે, તે અસ્વીકાર્ય રહેશે. વાદીઓ, કાયદાની અજ્ઞાનતાનો લાભ લઈ શકે નહીં. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે વેચાણ દસ્તાવેજ, સમગ્ર જમીન માટે કરી આપવામાં આવ્યો હતો અને હવે, એવો સિદ્ધાંત લઈને આગળ આવવું કે જમીનનો માત્ર અમુક ભાગ જ વેચવામાં આવ્યો હતો જ્યારે, બાકીનો ભાગ પોતાની પાસે રાખવામાં આવ્યો

હતો અને તેની સાથે બિન-ખેતી પરવાનગી મળ્યા બાદ વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો, તે માત્ર લિમિટેશનમાંથી બહાર આવવા માટેનું એક બહાનું છે. વાદીઓ દ્વારા લેવામાં આવેલું આવું વલણ, ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગ સિવાય બીજું કંઈ નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે એવું વલણ પણ લેવામાં આવ્યું છે કે વાદીઓને, અંધારામાં રાખવામાં આવ્યા હતા. આવા આક્ષેપો કોઈપણ આધાર વિનાના છે અને તે પણ 'ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગ' ના શબ્દપ્રયોગ હેઠળ જ આવશે.

પ.૨ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યાં સુધી વાદીઓ દ્વારા દર્શાવવામાં આવેલા દાવાના કારણનો સંબંધ છે, ત્યાં સુધી એવું જણાવવામાં આવ્યું છે કે વાદીઓના પૂર્વજો, વાદીઓ અને પ્રતિવાદીઓ વારંવાર એકબીજાને મળ્યા હતા અને વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે વિનંતી કરી હતી. જોકે, એવું વલણ લેવામાં આવ્યું છે કે પ્રતિવાદી નં. ૬ દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે જેમણે વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે અસમર્થતા વ્યક્ત કરી હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે વાદીઓ અને તેમના પૂર્વજોએ ખાતરી પર વિશ્વાસ રાખ્યો અને કોઈ પગલાં લીધા નહીં, તે ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગ સિવાય બીજું કંઈ નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે જો ગર્ભિત ઇનકાર હતો, તો વાદીઓએ, નિર્ધારિત ૩ વર્ષની લિમિટેશનની અંદર દાવો દાખલ કરીને તાત્કાલિક પગલાં ભરવાં જોઈતાં હતાં. પૂર્વજો દ્વારા કે વાદીઓ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. દાવાઅરજીમાં એવી કબૂલાત છે કે તેઓએ કોઈ પગલાં લીધા નથી. તેથી,

દાવાઅરજીનું સમગ્રપણે વાંચન કરતાં, એવું ફલિત થાય છે કે કંઈપણ કરવામાં આવ્યું નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે સમય જતાં, જમીનની કિંમતમાં, ભારે ઉછાળો આવ્યો છે અને માત્ર નાણાં પડાવી લેવાના હેતુથી જ દાવો દાખલ કરવામાં આવ્યો છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ચુકાદાઓની હારમાળા છે, જેમાં એવું સુસ્થાપિત કરવામાં આવ્યું છે કે ત્રાસદાયક દાવો અથવા દાવો કરવાના કોઈપણ કારણ વગરનો દાવો, શરૂઆતમાં જ ડામી દેવો જોઈએ.

૫.૩ વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે દાવાઅરજીમાં જે અરજો કરવામાં આવી છે, તે તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના સાટાખતનું વિશિષ્ટ પાલન મેળવવા, તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના નોંધાયેલ વેચાણ દસ્તાવેજ, અને મનાઈ હુકમ તથા કબજાનું રક્ષણ મેળવવા માટેની છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે લિમિટેશન એક્ટની આર્ટિકલ ૫૪ વિશિષ્ટ પાલન માટેનો દાવો દાખલ કરવા માટે ત્રણ વર્ષના લિમિટેશન સમયગાળાની જોગવાઈ કરે છે. જે સમયથી આ સમયગાળો શરૂ થાય છે, તે બે ભાગમાં છે; એક, જો પાલન માટે તારીખ નક્કી કરવામાં આવી હોય અને બીજું, જો આવી કોઈ તારીખ નક્કી કરવામાં આવી ન હોય. હાલના કેસમાં, એન.એ. પરવાનગી મેળવવી એ પોતે જ એ હકીકત સૂચવતી હતી કે સમય નક્કી કરવામાં આવ્યો હતો અને, એન.એ. ત્રણ વર્ષની અંદર મેળવી લેવામાં આવી હતી. તેથી, વાદીઓએ, તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના બંને એટલે કે સાટાખત અને વેચાણ દસ્તાવેજને વહેલામાં વહેલી તકે પડકારવા

જોઈતા હતા. એવી પણ રજૂઆત કરવામાં આવે છે કે જો પ્રતિવાદી નં. ૬ તરફથી કોઈ નિષ્ક્રિયતા હતી, તો વાદીઓએ, નોટિસ આપવી જોઈતી હતી; જોકે, આ તમામ વર્ષો દરમિયાન, કોઈ નોટિસ બજાવવામાં આવી ન હતી. કોઈ પણ નોટિસના અભાવે, વાદીઓ માટે એવો દાવો કરવાનું ખુલ્લું રહેતું નથી કે તેઓ એન.એ. પરવાનગી મળવાની રાહ જોઈ રહ્યા હતા.

૫.૪ ૨૦૨૪(૦) એ.આઇ.જે.ઇ.એલ.-એસ.સી.-૨૪૮૭૬૮ માં રિપોર્ટ થયેલા વૃંદાવન કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ થ્રુ અલ્પેશભાઇ ચિમનભાઇ પટેલ વિ. વૃંદાવન ડેવલપમેન્ટ કોર્પોરેશન ના કેસમાંના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે. એવું ઠરાવવામાં અને અવલોકન કરવામાં આવ્યું છે કે જો આક્ષેપો ત્રાસદાયક અને ગુણદોષ વગરના હોય અને દાવો કરવાનો સ્પષ્ટ અધિકાર કે સામગ્રી પ્રગટ ન કરતા હોય, તો ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરવાની વિદ્વાન ટ્રાયલ જજની ફરજ છે. જો ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગથી દાવો કરવાનું ભ્રામક કારણ ઊભું કરવામાં આવ્યું હોય, તો સદર કોડના ઓર્ડર ૧૦ હેઠળ પક્ષકારોની તપાસ કરીને પ્રથમ સુનાવણીમાં જ તેને શરૂઆતમાં ડામી દેવું જોઈએ. વધુમાં એવું ઠરાવવામાં અને અવલોકન કરવામાં આવ્યું છે કે દાવાઅરજીના માત્ર ઔપચારિક નહીં પરંતુ અર્થપૂર્ણ વાંચન પરથી, જો એવું જણાય કે દાવાઅરજી દાવો કરવાનો સ્પષ્ટ અધિકાર પ્રગટ ન કરવાના અર્થમાં ત્રાસદાયક અથવા ગુણદોષ વગરની છે, તો દાવાઅરજીને શરૂઆતમાં જ નામંજૂર કરવી જોઈએ.

૫.૫ ૨૦૨૨(૦) એ.આઇ.જે.ઇ.એલ.-એસ.સી.-૨૪૩૯૪૭ માં રિપોર્ટ થયેલા કિરણભાઇ મોતીભાઇ પટેલ એલ.એચ. ઓફ ડીસીસ્ડ વિ. સૂરજ કો-ઓપરેટિવ હાઉસિંગ એન્ડ કોમર્શિયલ સોસાયટી લિમિટેડ ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. સમકક્ષ ખંડપીઠે, જ્યારે એવું જોયું કે તેમાં કાયદા અને હકીકતનો કોઈ મિશ્ર પ્રશ્ન સમાવિષ્ટ નથી, ત્યારે વિવિધ ચુકાદાઓમાં સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત સિદ્ધાંત લાગુ કર્યો હતો. સમકક્ષ ખંડપીઠે, ટ્રાયલ કોર્ટે કોઈ ભૂલ કરી નથી તે કારણસર ટ્રાયલ કોર્ટના ચુકાદાને સ્વીકારીને અપીલ નામંજૂર કરી હતી. એવું ઠરાવવામાં અને અવલોકન કરવામાં આવ્યું છે કે જો વેચાણ દસ્તાવેજ રદ કરવાની મુખ્ય દાદ ચાલવાપાત્ર ન હોય, તો પરિણામી દાદ આપી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવે છે કે જ્યારે વેચાણ દસ્તાવેજ અને સાટાખતને પડકારવા માટેનો દાવો લિમિટેશનથી બાધિત હોય, ત્યારે કબજા અંગેની પરિણામી દાદ પણ ચાલવાપાત્ર રહેશે નહીં.

૫.૬ ૨૦૨૪ એસ.સી.સી. ઓનલાઇન એસ.સી. ૩૮૪૪ માં રિપોર્ટ થયેલા શ્રી મુકુંદ ભવન ટ્રસ્ટ અને અન્ય વિ. શ્રીમંત છત્રપતિ ઉદયન રાજે પ્રતાપસિંહ મહારાજ ભોંસલે અને અન્ય ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. એવું ઠરાવવામાં અને અવલોકન કરવામાં આવ્યું છે કે જોકે લિમિટેશનનો પ્રશ્ન સામાન્ય રીતે કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન છે, તેમ છતાં જ્યારે દાવાઅરજીના અર્થપૂર્ણ વાંચન પરથી, અદાલત, દાવો કરવાનું ભ્રામક કારણ ઊભું કરતી ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગની ખામીઓનું પૃથક્કરણ કર્યા પછી,

એવા તારણ પર આવી શકે છે કે આપેલ સંજોગોમાં, દાવો સંપૂર્ણપણે સમયબાધિત છે અને ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ દાવાઅરજી નામંજૂર કરી શકાય છે. સર્વોચ્ચ અદાલતે, જ્યારે જોયું કે પક્ષકારે સમયસર અદાલતનો આશરો લીધો ન હતો; ત્યારે તેણે અવલોકન કર્યું કે એક શાણો માણસ, પોતાના હિતનું રક્ષણ કરવા માટે તાત્કાલિક અને જરૂરી પગલાં ભરશે. તેમ કરવામાં નિષ્ફળતા, અને દાવો કરવાના કારણ માટે કાલ્પનિક તારીખનું સર્જન, લિમિટેશનના કારણોસર વાદીનો દાવો નામંજૂર થવાને પાત્ર બનાવશે. દાવો કરવાનું કારણ, જરૂરી હોવું જોઈએ અને ભ્રામક નહીં, તેવી દલીલ કરવા માટે ફકરા ૨૪ અને ૨૬ પર પણ આધાર રાખવામાં આવ્યો છે. ઓર્ડર ૭ રૂલ ૧૧ નો ઉદ્દેશ્ય અને ભાવના અદાલતો માટે એ છે કે જ્યારે કોઈપણ મુકદ્દમો પ્રથમદર્શનીય રીતે અદાલતી પ્રક્રિયાનો સ્પષ્ટ દુરુપયોગ જણાતો હોય, ત્યારે શરૂઆતમાં જ દાવાઓ નામંજૂર કરવા. અદાલતોની અનિચ્છા, પ્રતિવાદીઓને પુરાવા રજૂ કરવાની કઠિન કસોટીમાંથી પસાર થવાની ફરજ પાડીને માત્ર તેમને વધુ નુકસાન પહોંચાડે છે. તેથી, અદાલતે દાવાઅરજી શરૂઆતમાં જ નામંજૂર કરી હતી.

૫.૭ (૨૦૨૦) ૧૬ એસ.સી.સી. ૬૦૧ માં રિપોર્ટ થયેલા રાઘવેન્દ્ર શરણ સિંઘ વિ. રામ પ્રસન્ન સિંઘ (મૃત્યુ પામેલ) કાનૂની પ્રતિનિધિઓ મારફતે ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે, જેમાં ખાસ કરીને પેરા-૬.૩ પર આધાર રખાયો છે. (૧૯૮૬) ૪ એસ.સી.સી. ૩૬૪ માં રિપોર્ટ થયેલા રામ સિંઘ વિ. ગ્રામ પંચાયત મહેલ કલાં ના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો

સંદર્ભ આપવામાં આવ્યો હતો કે જેમાં, એવું ઠરાવવામાં આવ્યું છે કે જો દાવો કાયદા દ્વારા બાધિત હોય, તો વાદીઓને ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગ દ્વારા અને જે સંજોગોથી દાવો સમયમર્યાદાના કાયદા દ્વારા બાધિત થતો હોય તે સંજોગોનો ઉલ્લેખ કરવાનું ટાળીને, જોગવાઈમાંથી છટકી જવાની મંજૂરી આપી શકાય નહીં. સદર કેસમાં, લગભગ ૨૨ વર્ષ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા અને તે દરમિયાન, વિવિધ ઘટનાક્રમો બન્યા હતા. દાવાઅરજીમાં જણાવેલા કથનો અને હકીકતોના સમગ્ર સમૂહને ધ્યાનમાં લેતાં, એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે વાદીઓએ, ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગ દ્વારા, દાવાને સમયમર્યાદાની અંદર લાવવાનો પ્રયાસ કર્યો છે જે અન્યથા, તેના દ્વારા બાધિત હતો.

૫.૮ ૧૯૯૧ (૧) જી.એલ.આર. ૨૬૧ માં રિપોર્ટ થયેલા મહારાજ શ્રી માનવેન્દ્રસિંહજી રણજીતસિંહજી જાડેજા વિ. રાજમાતા વિજયકુંવરબા તે સ્વર્ગસ્થ મહારાજા મહેન્દ્રસિંહજી ની વિધવા ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે સદર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) હેઠળ દાખલ કરાયેલી અરજીનો નિર્ણય કરતી વખતે, અદાલતે દાવાઅરજીમાં રજૂ કરાયેલી હકીકતો પર વૈધાનિક કાયદો તેમજ કેસ-લૉ લાગુ કરવાનો હોય છે અને દાવો કરવાનું કોઈ કારણ દર્શાવવામાં આવ્યું છે કે નહીં તે શોધી કાઢવાનું હોય છે. જો આવો પ્રયાસ કરવામાં આવે, તો દાવો કરવાનું કોઈ કારણ દર્શાવતી ન હોવાના આધારે દાવાઅરજી નામંજૂર કરવા

માટેની અરજીનો નિર્ણય કરતી વખતે કેસના ગુણદોષો ધ્યાનમાં લેવામાં આવ્યા છે તેમ ભાગ્યે જ કહી શકાય. તેથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે દાવાઅરજી નામંજૂર કરવા માટેની અરજીનો નિર્ણય કરતી વખતે દાવો કરવાનું કોઈ કારણ દર્શાવવામાં આવ્યું છે કે નહીં તે શોધી કાઢવા માટે ગુણદોષો અંગેની મર્યાદિત તપાસ કરવી, તે એક પરવાનગીપાત્ર કવાયત છે.

૫.૯ ૨૦૨૩ એસ.સી.સી. ઓનલાઈન એસ.સી. ૧૨૯૨ માં રિપોર્ટ થયેલા સબ્બીર (મૃત્યુ પામેલ) કાનૂની પ્રતિનિધિઓ મારફતે વિ. અંજુમન (હવે મૃત્યુ પામેલ) કાનૂની પ્રતિનિધિઓ મારફતે ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે સમયમર્યાદા આપવામાં આવેલી હોવા છતાં, સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું અને અવલોકન કર્યું હતું કે અપીલકર્તાઓ તેમને પરવાનગી વિશે જાણ ન કરે ત્યાં સુધી અનિશ્ચિત સમય સુધી રાહ જોવા માટે પક્ષકાર હકદાર રહેશે તેવી દલીલ લેવી અસ્વીકાર્ય ગણાશે. મર્યાદિત સમયગાળો પૂરો થયા પછી તરત જ, પોતાના અધિકારો પ્રત્યે સજાગ અને જાગૃત રહીને યોગ્ય તકેદારી દર્શાવવી જોઈતી હતી અને ત્વરિત પગલાં લેવા જરૂરી હતા. હાલના કેસમાં, વાદીઓ યોગ્ય તકેદારી દર્શાવતા સજાગ રહેવાની અથવા પોતાના અધિકાર પ્રત્યે સજાગ અને જાગૃત રહેવાની કસોટીમાં પાર ઊતરવામાં નિષ્ફળ રહ્યા છે કારણ કે, વાદીઓએ ત્વરિત કોઈ પગલાં લીધા ન હતા અને લગભગ ૪૦ વર્ષ સુધી રાહ જોઈ હતી.

૫.૧૦ (૨૦૧૩) ૧૪ એસ.સી.સી. ૮૧ માં રિપોર્ટ થયેલા બસવરાજ વિ.

લેન્ડ એક્વિઝિશન ઓફિસર ના કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો પણ સંદર્ભ આપવામાં આવ્યો છે કે જેમાં, એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે સમયમર્યાદાનો કાયદો કોઈ ચોક્કસ પક્ષકારને કઠોર રીતે અસર કરી શકે છે પરંતુ તેને તેની તમામ ચુસ્તતા સાથે લાગુ કરવો જ પડે. એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે અદાલત પાસે સામ્યપૂર્ણ આધાર પર સમયમર્યાદાનો સમયગાળો લંબાવવાની કોઈ સત્તા નથી. હાલના કેસમાં, વાદીઓએ લગભગ ૪૦ વર્ષ સુધી કોઈ પગલાં લીધા ન હતા અને નિષ્ક્રિય રહ્યા હતા અને તેથી, જો વાદીઓ પોતાના અધિકારો પ્રત્યે સજાગ ન હતા, તો તેમનો દાવો સમયમર્યાદાથી બાધિત હોવાના કારણે યોગ્ય રીતે જ નામંજૂર કરવામાં આવ્યો છે. વિદ્વાન વકીલ શ્રી અમિત ઠક્કરે પોતાની રજૂઆતોનો સારાંશ આ મુજબ આપ્યો છે :

૫.૧૧ એ બાબત કે, વાદીઓએ ૪૦ વર્ષના વિલંબ પછી અદાલતનો આશરો લીધો છે; સાટાખતના મોટાભાગના પક્ષકારો મૃત્યુ પામ્યા છે; અને તેઓએ પોતાના જીવનકાળ દરમિયાન કરારનો અમલ કરાવવા માટે કંઈ કર્યું ન હતું. દાવાઅરજીમાં એવા કથનો કે તેઓએ પ્રતિવાદીઓનો સંપર્ક કર્યો હતો અને તેમને ખાતરી આપવામાં આવી હતી તે માત્ર દાવાને સમયમર્યાદાની અંદર લાવવા માટેનું ચતુરાઈપૂર્વકનું ડ્રાફ્ટિંગ સિવાય બીજું કંઈ નથી; સાટાખતમાં એવી શરત છે કે જરૂરી ભાગની એન.એ. પરવાનગી મંજૂર થયા પછી વેચાણ દસ્તાવેજ કરી આપવાનો રહેશે. દાવાઅરજી પરથી જણાય છે કે એન.એ. પરવાનગી

વાદીઓની જાણમાં હતી, તે છતાં પણ, કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા, પ્રતિવાદીઓને કોઈ નોટિસ આપવાની તો વાત જ દૂર રહી. વર્ષ ૧૯૭૮ નો વેચાણ દસ્તાવેજ એ પ્રતિવાદી નં. ૬ થી ૮ ની તરફેણમાં સમગ્ર અવેજની ચુકવણી સાથેનો એક નોંધાયેલ દસ્તાવેજ છે અને જમીનનો કબજો પણ પ્રતિવાદી નં. ૬ થી ૮ ને સોંપી દેવામાં આવ્યો હતો. એ બાબત કે, એવો કોઈ લેખિત દસ્તાવેજ નથી કે જેના દ્વારા વિવાદિત જમીનના કોઈપણ ભાગનો કબજો વાદીઓને આપવામાં આવ્યો હોય. કબજાની પુષ્ટિ કરતો કોઈ દસ્તાવેજ ન હોવાના સંજોગોમાં, માંગવામાં આવેલી કબજાની રાહત એ આનુષંગિક અરજ હોવાથી, તેની અરજ કરી શકાય નહીં. એ બાબત કે, વર્ષ ૧૯૭૮ થી મહેસૂલી રેકર્ડમાં પ્રતિવાદી નં. ૬ થી ૮ ના નામો દર્શાવેલા છે જે સૂચવે છે કે પ્રતિવાદીઓ કબજામાં છે. નોંધાયેલ વેચાણ દસ્તાવેજ તેમજ એન.એ. પરવાનગીની ફેરફાર નોંધો મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવામાં આવી છે. તેમ છતાં, ક્યારેય કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા.

૫.૧૨ એવી રજૂઆત કરવામાં આવે છે કે દાવો ક્ષુલ્લક, ત્રાસદાયક અને અસ્પષ્ટ કથનોવાળો છે, જેમાં ચોક્કસ તારીખ અને સમય દર્શાવવામાં આવ્યા નથી કે ક્યારે અને ક્યાં વાદીઓ પ્રતિવાદીઓને મળ્યા હતા અને કેવી રીતે ખાતરી આપવામાં આવી હતી. દાવાઅરજીમાં કરવામાં આવેલા અસ્પષ્ટ કથનો એ સમયમર્યાદાની ચુંગાલમાંથી બહાર નીકળવા માટેના ચતુરાઈપૂર્વકના ડ્રાફ્ટિંગનું પરિણામ માત્ર છે અને તેથી, વિદ્વાન જજે ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની સત્તાઓનો

યોગ્ય રીતે ઉપયોગ કર્યો હતો અને દાવાઅરજી નામંજૂર કરી હતી. તેમાં કોઈ ભૂલ કરવામાં આવી ન હોવાથી, આ અપીલ ધ્યાને લેવાને પાત્ર નથી. જ્યારે મુખ્ય અરજ જ મંજૂર કરવા યોગ્ય ન હોય, ત્યારે કબજાની આનુષંગિક અરજ આપમેળે જ રદ થઈ જાય.

૬. વિદ્વાન વકીલ શ્રી દીપક આર. દવેએ ટૂંકા પ્રત્યુત્તરમાં રજૂઆત કરી હતી કે ટાંકવામાં આવેલા એક સિવાયના તમામ ચુકાદાઓમાં; નોંધાયેલા દસ્તાવેજો હતા અને તેથી, દસ્તાવેજ કરી આપ્યાની જાણકારી હોવાનું અનુમાન થશે. તેથી, સમયમર્યાદાનો પ્રારંભિક તબક્કો એ માની લીધેલી જાણકારી છે અને સમયમર્યાદાનો મુદ્દો એ કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન ન હતો, જ્યારે કે તેનાથી વિપરીત હાલના કેસમાં સમયમર્યાદાના મુદ્દામાં વાદીઓની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા અંગે સાટાખતમાં કોઈ સમયમર્યાદા પૂરી પાડવામાં આવી ન હતી. ૨૦૧૮ લૉ સ્યુટ (એસ.સી.) ૧૨૮૦ માં રિપોર્ટ થયેલા ઉર્વશીબેન અને અન્ય વિ. કૃષ્ણકાંત મનુપ્રસાદ ત્રિવેદી ના કેસમાંના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે. એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી સમયમર્યાદાના મુદ્દાનો સંબંધ છે, ત્યાં સુધી તે હકીકત અને કાયદાનો મિશ્ર પ્રશ્ન છે. એ સાચું છે કે સદર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને દાવાઅરજી નામંજૂર કરવા માટે સમયમર્યાદા એક કારણ બની શકે છે, પરંતુ એ પણ તેટલું જ સુસ્થાપિત છે કે અરજીનો નિર્ણય કરવાના હેતુ માટે, માત્ર દાવાઅરજીમાં જણાવેલા કથનો જ જોઈ શકાય છે. વધુમાં

એવું ઠરાવવામાં આવ્યું અને અવલોકન કરવામાં આવ્યું છે કે જો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો હોય, તો તેની સત્યતા કે અન્ય બાબતો ચકાસવી એ ટ્રાયલનો વિષય બનશે. અનુચ્છેદ ૫૪ ની જોગવાઈઓને ધ્યાનમાં લેતી વખતે, એ બાબત નિર્દેશિત કરવામાં આવી છે કે સમયમર્યાદા બે ભાગમાં છે, એટલે કે; પાલન માટે નિયત કરાયેલી તારીખ અને જો આવી કોઈ તારીખ નિયત ન કરવામાં આવી હોય ત્યારે. એ નિર્દેશિત કરવામાં આવ્યું છે કે પછીના ભાગમાં આવતા વિશિષ્ટ પાલન માટેના દાવામાં, સમયમર્યાદાનો સમયગાળો વાદીના ધ્યાને આવે કે પ્રતિવાદીઓ દ્વારા પાલન કરવાનો ઈનકાર કરવામાં આવ્યો છે તે તારીખથી ત્રણ વર્ષનો છે. હાલના કેસમાં, ગર્ભિત ઈનકાર માત્ર વર્ષ ૨૦૧૫ માં જ થયો હતો જ્યારે વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. તેમજ, વર્ષ ૨૦૧૪ માં, સમગ્ર જમીન માટે એન.એ. પરવાનગી માંગવામાં આવી હતી અને ત્યારપછી જ, સાટાખતના લખાણ મુજબ, વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો. કલેક્ટર દ્વારા ડિસેમ્બર, ૨૦૧૪ ના મહિનામાં પરવાનગી મંજૂર કરવામાં આવી હતી જ્યારે દાવો માર્ચ, ૨૦૧૭ ના મહિનામાં દાખલ કરવામાં આવ્યો છે જે સમયમર્યાદાના સમયગાળાની અંદર જ રહેશે.

૬.૧ ૨૦૧૮ લૉ સ્યુટ (એસ.સી.) ૩૧૪ માં રિપોર્ટ થયેલા છોટનબેન અને અન્ય વિ. કિરીટભાઈ જલકૃષ્ણભાઈ ઠક્કર અને અન્ય ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. વાદીઓનો કેસ એવો હતો કે તેઓ પોતાની વડીલોપાર્જિત મિલકત સંબંધિત નોંધાયેલ વેચાણ દસ્તાવેજ કરી આપવા વિશે

અજાણ હતા અને તેના પર પોતાના અંગૂઠાનું નિશાન હોવાનો ઈનકાર કર્યો હતો. તેથી, સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું હતું કે દાવાઅરજીના સમગ્ર કથનો અને માંગવામાં આવેલી અરજોના સંદર્ભમાં, લિમિટેશન એક્ટના અનુચ્છેદો પૈકી કયો અનુચ્છેદ હાલના કેસની હકીકતોને લાગુ પડશે, તે યોગ્ય તબક્કે વિચારવું પડશે. ૨૦૨૩ લૉ સ્યુટ (એસ.સી.) ૧૧૬૫ માં રિપોર્ટ થયેલા એલ્ડેકો હાઉસિંગ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ વિ. અશોક વિદ્યાર્થી અને અન્ય ના કેસમાંના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે. વધુમાં ૨૦૨૪ (૧) જી.એલ.આર. ૬૧૮ માં રિપોર્ટ થયેલા ભાનુબેન કાંતિલાલ પટેલ વિ. મૃતક હરીશ્ચંદ્રસિંહ જાડેજા ના કેસમાંના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે. પેરા-૧૮ માં કરવામાં આવેલા અવલોકનો પર વિશેષ આધાર રાખવામાં આવ્યો છે કે જેમાં, એ નોંધવામાં આવ્યું છે કે કરવામાં આવેલું નિવેદન પૂરતું રહેશે અને તેને નકારી શકાય નહીં, જે અન્યથા, ટ્રાયલનો વિષય બનશે અને પુરાવો રજૂ કરીને નક્કી કરી શકાય છે.

૭. સંબંધિત પક્ષકારો તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલોને સાંભળવામાં આવ્યા. અપીલકર્તા દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી પેપર-બુક સહિતના રેકર્ડનું અવલોકન કર્યું અને તેના પર વિચારણા કરી. નોટિસ બજાવાઈ હોવા છતાં, પ્રતિવાદી નં. ૧, ૨.૧ થી ૨.૩, ૩.૧, ૩.૨.૧ થી ૩.૨.૩, ૩.૩.૧ થી ૩.૩.૩, ૪.૧, ૪.૨.૧-૪.૨.૨, ૫.૧-૫.૨ એ ઉપસ્થિત ન થવાનું પસંદ કર્યું છે.

૮. હકીકતો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

૯. સ્પષ્ટપણે, તારીખ ૦૪.૦૩.૧૯૭૮ ના રોજ જમીન વેચવાની પરવાનગી આપવામાં આવી હતી અને તે મુજબ, તારીખ ૦૯.૦૩.૧૯૭૮ ની નોંધ નં. ૧૪૮૪ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવામાં આવી હતી અને તારીખ ૧૩.૦૫.૧૯૭૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવી હતી. સદર નોંધ અમુક શરતો અને નિયમો પર પ્રીમિયમ વસૂલ કરીને જમીન વેચવાની પરવાનગી આપતાં મહેસૂલી સત્તાવાળાઓ દ્વારા પસાર કરાયેલા હુકમની નોંધ કરે છે. ત્યારબાદ તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના રોજ, વિવાદિત જમીનના સંબંધમાં પ્રતિવાદી નં. ૬ થી ૮ ની તરફેણમાં એક નોંધાયેલ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો. તે જ તારીખનું સાટાખત પક્ષકારો વચ્ચે એટલે કે એક તરફ પ્રતિવાદી નં. ૬ અને બીજી તરફ વાદીઓના પૂર્વજો તથા કેટલાક વાદીઓ વચ્ચે કરવામાં આવ્યું હતું. સાટાખતમાં વિવાદિત જમીન સંબંધિત વેચાણ વ્યવહાર અને સબ-રજિસ્ટ્રારની કચેરીમાં તેની નોંધણીની નોંધ કરવામાં આવી છે. પ્રતિવાદી નં. ૬ અને અન્યની તરફેણમાં જમીન વેચવાની પરવાનગીનો સંદર્ભ પણ આપવામાં આવ્યો છે. સાટાખતમાં એ હકીકતનો સંદર્ભ આપવામાં આવ્યો છે કે પ્રતિવાદી નં. ૬ કોન્ટ્રાક્ટર છે અને તેમને આશરે ૫ થી ૬ એકર જમીનની જરૂર છે. સ્પષ્ટતાના અભાવને ધ્યાને લેતાં, એવું સંમત થયું હતું કે યોગ્ય માપણી કર્યા પછી અને ચોક્કસ જમીનની જરૂરિયાત નક્કી થયા પછી, બાકીની જમીન કોઈપણ અવેજ વિના પ્રતિવાદી નં. ૬ દ્વારા વેચાણ દસ્તાવેજ કરી આપીને પરત કરવામાં આવશે. સાટાખતમાં માલિકી ધોરણે જમીનનો કબજો સોંપવાનો સંદર્ભ પણ આપવામાં

આવ્યો છે. ક્વોરી (ખાણકામ) ના હેતુ માટે જરૂરી જમીનની જરૂરિયાત અંગે સ્પષ્ટતાના અભાવને ધ્યાનમાં રાખીને સમયમર્યાદા નક્કી કરવી શક્ય બનશે નહીં તેમ પક્ષકારો વચ્ચે સંમત થયું હતું. પક્ષકારો વચ્ચે એ પણ સંમત થયું હતું કે જમીનનું એન.એ. માં રૂપાંતર થયા પછી, વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને જેના માટે, કોઈ સમયમર્યાદા પૂરી પાડવામાં આવી નથી. કરારમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો પ્રતિવાદી નં. ૬ શરતો મુજબ કાર્ય કરવામાં નિષ્ફળ જાય, તો અન્ય પક્ષકાર માટે સાટાખતનું વિશિષ્ટ પાલન મેળવવાનું ખુલ્લું રહેશે.

૧૦. વધુમાં, જમીનને ખેતીમાંથી બિન-ખેતીમાં રૂપાંતરિત કરવાની માંગણી કરતી અરજી દાખલ કરવામાં આવી હતી, જે અમુક નિયમો અને શરતોને આધીન પ્રશ્નવાળી જમીન પૈકી ૧ એકર અને ૨૦ ગૂંઠાના સંબંધમાં તારીખ ૧૪.૦૯.૧૯૭૮ ના હુકમથી મંજૂર કરવામાં આવી હતી. મહેસૂલી દફતરે તારીખ ૨૦.૦૯.૧૯૭૮ ના રોજ જરૂરી નોંધ નં. ૧૪૮૬ પાડવામાં આવી હતી અને ત્યારબાદ તે પ્રમાણિત કરવામાં આવી હતી, જે બાબતે કોઈ વિવાદ નથી. વર્ષ ૨૦૧૫ માં, પ્રતિવાદી નં. ૬ થી ૮ દ્વારા પ્રતિવાદી નં. ૯ અને ૧૦ ની તરફેણમાં રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો, જેના પગલે બાનાખત અમલમાં હોવા છતાં પ્રતિવાદી નં. ૬ થી ૮ એ પ્રતિવાદી નં. ૯ અને ૧૦ ની તરફેણમાં તારીખ ૨૩.૦૪.૨૦૧૫ નો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપ્યો છે તેવા કારણોસર તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના બાનાખતનું વિશિષ્ટ પાલન કરાવવા

જેવી વિવિધ રાહતો માંગતો સ્પેશિયલ સિવિલ સ્યુટ નં. ૮/૨૦૧૭ દાખલ કરવો પડ્યો હતો. કબજાના રક્ષણ માટેની અરજ સાથે તારીખ ૨૩.૦૫.૨૦૧૫ ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજને પણ પડકારવામાં આવ્યો છે. ઉપર સંદર્ભિત બે અરજો ઉપરાંત, વાદીઓએ તારીખ ૧૦.૦૫.૧૯૭૮ ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર અને રદબાતલ હોઈ, તેને પણ પડકારવાની માંગણી કરી છે. અરજીમાંના કથનોને ધ્યાને લઈ, વિદ્વાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજે દાવો કાયદાથી બાધિત હોવાના કારણે પોષણક્ષમ નથી તેવા કારણસર વાદપત્ર નામંજૂર કરતો આંક ૧ અને ૫ નીચે તારીખ ૨૮.૦૪.૨૦૧૭ નો હુકમ પસાર કર્યો હતો. તેનાથી વ્યથિત થઈને, અપીલકર્તાઓ-મૂળ વાદીઓએ શીર્ષકવાળી અપીલ દાખલ કરેલ છે.

